## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




બહેન હું સાતમ માટે કીલો લોટની પુરી, કારેલાનું શાહ... સુકીભાજી બનાવતી હતી ને એમણે કાલે ટાઢુ ખાવાની ના પાડી એટલે.. હુંએ આક્રોશ વ્યક્ત કરવા રેલીમાં જોડાઈ ગઈ....

# જિલ્લામાં ૧૬૬ માધ્યમિક શાળામાં ૬૧,૮૨૧ બાળકો અને ૧૩૯ ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં ૫૨,૪૯૦ બાળકો અભ્યાસ કરે છે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લામાં આવેલ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં છેલ્લા બે વર્ષમાં અભ્યાસ કરવા આવતા વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો થવા પામ્યો છે.

કોંગીના ડૉ. તેજશ્રીબેન પટેલે જિલ્લામાં સરકારી, ગ્રાન્ટ ઈન એઈડ અને ખાનગી માધ્યમિક શાળાઓ અંગે પુછેલા પ્રશ્નમાં આ હકીકતો બહાર આવવા પામી છે.

રાજયના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહજી ચુડાસમાએ સભ્યશ્રીના પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે ગાંધીનગર જિલ્લામાં ૩૦૫ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ હાલ છે.

જેમાં સરકારી માધ્યમિક શાળા ૩ અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા પાંચ, સરકારી ગ્રાન્ટેડ શાળાઓમાં ૮૮ માધ્યમિક શાળા અને ૧૦૪ ઉ.માધ્યમિક શાળાઓ તો ખાનગી ક્ષેત્રની ૭૫ માધ્યમિક અને ૩૦ ઉચ્ચ માધ્યમિક શાળાઓ મળી કુલ ૩૦૫ શૈક્ષણિક સંસ્થાઓ છે.

૨૦૧૫માં સરકારી મા. શાળાઓમાં નોંધાયેલા બાળકોની સંખ્યામાં ૬૧૮ છે. ગ્રાન્ટ ઈન એઈડ માધ્યમિક શાળાઓમાં નોંધાયેલ બાળકોની સંખ્યા ૩૩૨૦૫ છે જ્યારે ખાનગી ક્ષેત્રની માધ્યમિક શાળાઓમાં નોંધાયેલા બાળકોની સંખ્યા ૨૭,૯૯૮ છે. આમ આ ૧૬૬ શાળાઓમાં કુલ ૬૧,૮૨૧ બાળકો અભ્યાસ કરી રહ્યા છે.

જ્યારે આ જ વર્ષમાં ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ જે સરકારી છે તેમાં નોંધાયેલા બાળકોની સંખ્યા ૫૨૫, ગ્રાન્ટ ઈન એઈડમાં ૪૮,૧૧૫ અને ખાનગી ઉ.મા. શાળામાં ૩૮૫૦ મળી કુલ ૫૨,૪૯૦ બાળકો છે.

૨૦૧૪ની તુલનામાં સરકારી માધ્યમિક શાળાઓમાં નોંધાયેલા બાળકો જે ૬૦૪ હતા તેની સામે ૨૦૧૫માં ૬૧૮ છે જ્યારે સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ૨૦૧૪માં નોંધાયેલા બાળકો ૫૧૧ હતા તેની સામે ૨૦૧૫માં ૫૨૫ બાળકો નોંધાયેલા છે.

## ૧૮૫ પ્રાથમિક શાળા પાસે રમત-ગમતના મેદાન જ નથી

ગાંધીનગર જિલ્લામાં ૩૧-૮-૧૫ની સ્થિતિએ ૧૮૫ પ્રાથમિક શાળાઓમાં બાળકોને રમવા માટે મેદાન નથી.

રાજ્યના શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ કોંગ્રેસના ધારાસભ્ય ડૉ. તેજશ્રીબેન પટેલના એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં આ વિગતો આપી છે. મંત્રી ચુડાસમાએ જણાવ્યું છે કે જે શાળાઓમાં રમત-ગમતના મેદાન નથી તેમાં ૧૫૧ સરકારી શાળાો, ૩૧ ખાનગી શાળાઓ અને ૩ ગ્રાન્ટ એઈડ મળી કુલ ૧૮૫ શાળાઓ થાય છે. તેમણે એમ પણ જણાવ્યુ છે કે રમત-ગમતના મેદાન વગરની પ્રાથમિક શાળાઓમાં નજીકના ખુલ્લા મેદાનો જે છે તેનો ઉપયોગ કરવામાં આવે છે.

## ૧૭૭ હેક્ટરમાં ગેરકાયદે દબાણો

ગાંધીનગર જિલ્લામાં ૩૧-૩-૧૫ની સ્થિતિએ પંચાયતની જમીન પર ૧૭૭ હેક્ટર ૬૯ આરે. ૯૮ ચો.મી. પર ગેરકાયદે દબાણો છે.

ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ-૧૦૫ મુજબ દબાણો દૂર કરવાની જવાબદારી ગ્રામ પંચાયતની છે. તાલુકા વિકાસ અધિકારી દ્વારા વખતોવખત દબાણો દૂર કરવાની સૂચનાઓ આપવામાં આવે છે તેમજ તલાટી કમ મંત્રીઓની માસિક બેઠકમાં પણ આ અંગેની સૂચનાઓ આપવામાં આવે છે.

પંચાયત મંત્રી કવાડિયાએ જણાવ્યું છે કે વલર્ષ ૨૦૧૦-૧૧ ૨૭ હેક્ટર ૭૯ ચો.મી., ૨૦૧૧-૧૨માં ૨૭ હેક્ટર ૧૫ આરે ૫૯ ચો.મી., ૨૦૧૨-૧૩માં ૪૫ હેક્ટર ૫૬ આરે ૦૬ ચો.મી., ૨૦૧૩-૧૪માં ૩૦ હેક્ટર ૧૬ આરે ૮૫ ચો.મી. તથા ૨૦૧૪-૧૫માં ૨૪ હેક્ટર ૭૫ આરે ૬૪ ચો.મી.ના દબાણો દૂર કરવામાં આવ્યા છે.

## ખૂણે ખાંચરેથી...

- ગાંધીનગરમાં યોજાયેલ જનઆક્રોશ રેલીમાં મુકવામાં આવેલ મોબાઈલ ટોયલેટ જ ભરાઈ જવા ઉપરાંત લિકેજ થતાં ભારે ગંદકી ફેલાઈ હતી.
- ગાંધીનગર વિધાનસભાની કેન્ટીનમાં તેમજ ગાંધીનગરના ઉપાહાર ગૃહો અને ભોજનાલયોમાં આજે ભારે ભીડ રેલીના પગલે રહી હતી.
- ગાંધીનગર શહેરના સે. ૧૭માં આજે સંધ્યા સમયે જ વિજળી વેરણ થતાં મહિલાઓને રાંધણ છઠ્ઠની રસોઈ બનાવવામાં વિક્ષેપ થયો એટલુ જ નહિ આખા સેક્ટરમાં અંધારપટ છવાઈ ગયો.
- ગાંધીનગર જિલ્લામાં વાદળછાયા વાતાવરણમાં વરસાદના અભાવથી ખેડૂતો ચિંતાતુર બન્યા છે.
- ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આજે પણ મેલેરિયાના વધુ બે દર્દીને સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે.
- ગાંધીનગર શહેરમાં વન વિભાગે કોર્ડન કરેલ વિસ્તારમાં ઘાસ એટલુ બધુ ઉગી ગયુ છે કે તેને લઈ મચ્છરોની ઉત્પત્તિના કેન્દ્રો ઉભા થાય તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. અહિ પાણી ભરાઈ રહે છે અને હાલનું વાતાવરણ મચ્છરો માટે સૌથી વધુ સાનુકૂળ બન્યુ છે.
- ચ રોડ પરની સેન્ટ્રલ વર્જમાં છોડોના કરાયેલા ટ્રીપીંગ પછી તેનો નિકાલ ન કરાતાં વર્જનો નજારો વધારે ખરાબ લાગી રહ્યો છે.

## બીચ વોલીબોલ સ્પર્ધામાં જીઆઈપીએસ ચેમ્પિયન

માણસા ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે યોજાયેલી જિલ્લા ગ્રામીણ બીચ વોલીબોલ સ્પર્ધામાં રાંધેજાની ઈન્ટરનેશનલ પબ્લીક સ્કૂલની ટીમે પ્રથમ સ્થાન મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે. ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કુલ અંડર-૧૭માં ભાઈઓની ટીમ વિજેતા બની છે. શાળા પરિવારે આ તેજસ્વી ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા છે.

# લેબોરેટરીમાં આપેલું દર્દીનું સેમ્પલ ડસ્ટબીનમાંથી મળી આવ્યું...!

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાત મેડીકલ એજયુકેશન એન્ડ રિસર્ચ સોસાયટી સંચાલીત ગાંધીનગર હોસ્પિટલમાં રોજ નવા ધાંધીયા સામે આવે છે. હોસ્પિટલની લેબોરેટરીમાંથી દર્દીઓના રીપોર્ટ અને સેમ્પલ પણ ગાયબ થવાની ફરિયાદો ઉઠવા પામી છે ત્યારે તાજેતરમાં કલોલ તાલુકાના દર્દીનો રીપોર્ટ ન મળતા દર્દીના સગાએ લેબમાં તપાસ હાથ ધરી હતી. આ દરમિયાન દર્દીએ આપેલ સેમ્પલ ડસ્ટબીનમાંથી મળી આવ્યું હોવાનું ધ્યાને આવ્યું છે. હોસ્પિટલમાં દાખલ થયેલા દર્દીના લેબ રિપોર્ટમાં પણ અનેકવાર પ્રશ્નાર્થ ઉભા થયા છે ત્યારે ફરીવાર લેબના કર્મચારીઓની ગંભીર બેદરકારી સામે આવતા તંત્ર દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવે તેવું લાભાર્થીઓ ઈચ્છી રહ્યા છે.

**દર્દીએ બે વખત સેમ્પલ આપવા છતા રિપોર્ટ નહી મળતા દર્દીના પિતાએ લેબમાં શોધખોળ કરતા સેમ્પલ ડસ્ટબીનમાંથી મળી આવ્યું હતું**

જીએસઈઆરએસ સંલગ્ન ગાંધીનગર હોસ્પિટલ અત્યંત આધુનિક અને હાઈટેક બનતા દર્દીઓનો ભારે ધસારો જોવા મળે છે. હોસ્પિટલમાં આરોગ્યલક્ષી સેવામાં વધારો થતાં ગાંધીનગર જિલ્લા તેમજ આસપાસના જિલ્લામાંથી મોટી માત્રામાં દર્દથી કણસી રહેલા દર્દીઓ સારવાર માટે આવે છે. ત્યારે હોસ્પટિલ તંત્રની બેરદકારીના કિસ્સા રોજ બરોજ સામે આવે છે. હોસ્પિટલમાં કાર્યરત લેબોરેટરીના રિપોર્ટમાં પણ અનેકવાર તફાવતને પગલે દર્દીઓએ પ્રશ્નાર્થ ઉઠાવ્યો છે ત્યારે ગત રોજ કલોલ તાલુકાના

● અનુસંધાન પાના - ૭ પર






જીએસટી સેમિનાર : વડનગરના નાગર મંડળ દ્વારા સોમવારની સાંજે યોજાયેલ જીએસટી સેમિનારમાં મોટી સંખ્યામાં નાગરિકો ઉમટ્યા હતા.

ગાંધીનગર સમાચાર સાથે દિવાળીની મીઠાઈ પણ...

તા.૧ સપ્ટેમ્બરથી
ગૅરન્ટેડ ગિફ્ટ યોજનાની
શુભ શરૂઆત

તા.૧.૯.૨૦૧૬ થી દિવાળી સુધીના
રૂ.૯૯ ના બીલની સામે
દિવાળીએ રૂ.૧૬૦ ના મૂલ્યની
રાધે Prem Ni Mithaas
મીઠાઈની ગૅરન્ટેડ ગિફ્ટ

તા.૧.૯.૨૦૧૬ના ગાંધીનગર સમાચારમાં
પ્રથમ ગિફ્ટ કૂપન પ્રસિદ્ધ કરાશે.
તા. ૨૫.૧૦.૨૦૧૬ સુધીમાં
૫૫ કૂપન પ્રસિદ્ધ થશે.
તા. ૧.૯.૨૦૧૬ના અંકમાં
કૂપન ચોંટાડવાનું ફોર્મ પ્રસિદ્ધ થશે.
બધી જ કૂપન ચોટાડેલું અધિકૃત ફોર્મ રજૂ કરવાથી
રાધેની રૂ.૧૬૦ના મૂલ્યની મીઠાઈની ગૅરન્ટેડ ગિફ્ટ
તા. ૨૫, ૨૬ અને ૨૭ ઑક્ટોબર દરમિયાન વિતરણ થશે.

ગાંધીનગર સમાચાર
વાંચતા રહો અને નિયમિત
ગૅરન્ટેડ ગિફ્ટ મેળવતા રહો...

પાટનગરનું પોતાનું અખબાર
ગાંધીનગર સમાચાર
આપના અખબાર વિતરક પાસેથી
ગાંધીનગર સમાચાર માંગો, આજથી જ...

PARAM